**વર્ષ ૨૦૨૫-૨૬ નવી બાબત.**

**ધોરણ-૧૨ની બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ ૦૩ (ત્રણ) તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની ૨૯ (ઓગણત્રીસ) મળી કુલ ૩૨ આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી વર્ગ શરૂ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃ** TDD/mis/e-file/25/2025/0057/GH

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા :** -

(૧) મુંબઇ સરકારના શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૨/૧૯૫૩નો ઠરાવ ક્રમાંકઃ BCH-૧૬૫૩-ED

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૮૮/ ૬૬૫/ગ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/મં-૩/ઘ

(૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તા.૧૬/૦૧/૨૦૨૫ ના પત્ર ક્રમાંકઃ DOTD/0403/11/2024

(૫) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તા.૧૬/૦૧/૨૦૨૫ ના પત્ર ક્રમાંકઃ DOTD/0404/11/2024.

**પ્રસ્તાવના :-**

વંચાણે લીધેલ ક્રમાંક : (૪) અને (૫) પરના કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના પત્રથી ધોરણ-૧૨ની **બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ ૦૩ (ત્રણ) તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની ૨૯ (ઓગણત્રીસ) મળી કુલ ૩૨** આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી ધોરણ-૧૨નો વર્ગ શરૂ કરવાની**રૂ.૬.૫૮/ કરોડની** નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, દરખાસ્ત હેઠળની ૩૨ આશ્રમશાળાઓ માટે ધોરણ-૧૨ના વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની તથા તે માટે શિક્ષણ સહાયક, વર્ગ-૩ના ૬૪ કર્મચારીઓના મહેકમની **કુલ રૂ.૬.૫૮/- કરોડની** નવી બાબતને ફકરા-૩ માં દર્શાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :

**ધોરણ-૧૨નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપેલ આશ્રમશાળાઓની યાદી**

**બિન આદિજાતિ વિસ્તાર યોજના**

| **અ.નં** | **સંસ્થાનુ નામ** | **આશ્રમશાળાનુ નામ** | **મંજૂર કરેલ શિક્ષણ સહાયક સંવર્ગની જગ્યા** |
|---|---|---|---|
| ૧ | શ્રી સેવા નિકેતન ટ્રસ્ટ-ખેડબ્રહ્મા, તા-ખેડબ્રહ્મા, જિ-સાબરકાંઠા | ઉત્તર બુનિયાદી આશ્રમશાળા-ખેડબ્રહ્મા, તા-ખેડબ્રહ્મા, જિ-સાબરકાંઠા | ૦૨ |
| ૨ | શ્રી સેવા નિકેતન ટ્રસ્ટ-ખેડબ્રહ્મા, તા-ખેડબ્રહ્મા, જિ-સાબરકાંઠા | માધ્યમિક આશ્રમશાળા-આંબામહુડા, તા-તા-પોશીના, જિ-સાબરકાંઠા | ૦૨ |
| ૩ | ગુજરાત ખેત વિકાસ પરિષદ | આશ્રમશાળા વરિયાવ | ૦૨ |

**આદિજાતિ વિસ્તાર યોજના**

| **અ.નં** | **સંસ્થાનુ નામ** | **આશ્રમશાળાનુ નામ** | **મંજૂર કરેલ શિક્ષણ સહાયક સંવર્ગની જગ્યા** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | આદિવાસી પ્રગતિ મંડળ, કુકરવાડા, તા.વિજાપુર, જી.મહેસાણા | આશ્રમશાળા માંકણચંપા | ૦૨ |
| ૨ | શ્રી રવિ પ્રગતિ મંડળ, જીતપુર ચાર રસ્તા, તા.દાંતા, જી.બનાસકાંઠા. | આશ્રમશાળા વેકરી (વિજ્ઞાન પ્રવાહ) | ૦૨ |
| ૩ | શ્રી સર્વોદય સેવા સંઘ, મચકોડા, તા.દાંતા, જી.બનાસકાંઠા | આશ્રમશાળા હડાદ, | ૦૨ |
| ૪ | જેસોર પિપલ્સ કલબ, ઇકબાલગઢ, મુ.થલવાડા, તા.દાંતા, જી.બનાસકાંઠા. | આશ્રમશાળા થલવાડા, | ૦૨ |
| ૫ | શ્રી મહુવા તાલુકા ગ્રામ સેવા સમાજ – કરચેલીઆ | ઉ.બુ. આશ્રમશાળા વહેવલ | ૦૨ |
| ૬ | શ્રી સર્વોદય યુવક મંડળ-આંબાબાર, તા-માલપુર, જિ-અરવલ્લી | માધ્યમિક આશ્રમશાળા-પહાડિયા(મેઘરજ) | ૦૨ |
| ૭ | શ્રી સાબરકાંઠા જિલ્લા સામાજિક પ્રગતિ મંડળ-રીંટોડા, મુ.ભેંમપોડા, તા-માલપુર, જિ-અરવલ્લી | માધ્યમિક આશ્રમશાળા-પૃથ્વીપુરા(જશવંતપુરા) | ૦૨ |
| ૮ | શ્રી શામળાજી પ્રદેશ કેળવણી મંડળ-શામળાજી, તા-ભિલોડા, જિ-અરવલ્લી | માધ્યમિક આશ્રમશાળા દિધિયા | ૦૨ |
| ૯ | શ્રી રાજપુર કેળવણી મંડળ-રાજપુર, તા-વિજયનગર, જિ-સાબરકાંઠા | માધ્યમિક આશ્રમશાળા-પાલ | ૦૨ |
| ૧૦ | શ્રી સમાજ નવરચના મંડળ-ગોડસંબા, તા-માંડવી, જિ-સુરત | ઉ.બુ આશ્રમશાળા-ગુંદેલ | ૦૨ |
| ૧૧ | શ્રી રાજપુર કેળવણી મંડળ-રાજપુર, તા-વિજયનગર, જિ-સાબરકાંઠા | માધ્યમિક આશ્રમશાળા-રાજપુર, તા-વિજયનગર | ૦૨ |
| ૧૨ | શ્રી વનવાસી કેળવણી મંડળ-કોટડા, તા-ખેડબ્રહ્મા, જિ-સાબરકાંઠા | માધ્યમિક આશ્રમશાળા-ધોળિયા | ૦૨ |
| ૧૩ | શ્રી ગાયત્રી કૃપા આદિવાસી વિકાસ યુવક મંડ્ળ,કરવાઇ કંપા | શ્રી વૃંદાવન આશ્રમશાળા,કરવાઈકંપા (વિજ્ઞાન પ્રવાહ) | ૦૨ |
| ૧૪ | ગુજરાત ખેત વિકાસ પરિષદ,અમદાવાદ | ઉ.બુ.વડવાસ | ૦૨ |
| ૧૫ | શ્રી સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટ આફવા,તા.ફતેપુરા, જિ.દાહોદ | ઉ.બુ.બલૈયા | ૦૨ |
| ૧૬ | ભીલ સેવા મંડ્ળ,દાહોદ | ઉ.બુ.ઝાલોદ કન્યા,આશ્રમશાળા, | ૦૨ |
| ૧૭ | આદિવાસી સંસ્કાર મંડળ, ગણદેવી તા.ગણદેવી જિ.નવસારી | અંભેટા, તા.ગણદેવી, જિ.નવસારી | ૦૨ |
| ૧૮ | માનવ કલ્યાણ ટ્રસ્ટ, પાલનપુર, જી.બનાસકાંઠા. | આશ્રમશાળા ઉપલોબંધ, | ૦૨ |
| ૧૯ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા. | આદિવાસી આશ્રમશાળા ગોરાડ | ૦૨ |
| ૨૦ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા. | આશ્રમશાળા પીપળાવાળી વાવ | ૦૨ |
| ૨૧ | ગુજરાત રાજ્ય બક્ષી જાતિ વિકાસ મંડ્ળ,દાહોદ, તા.જિ.દાહોદ | માં ભગવતી અનુ.જન.જાતી અને સ્વ.એસ.એસ.હાડા મા. અને સ્વ.એફ.વી.હાડા ઉ.મા. આશ્રમશાળા કતવારા | ૦૨ |
| ૨૨ | ગુજરાત રાજ્ય અખિલ ગ્રામ્ય કબીર વિકાસ મંડ્ળ,દાસા | શ્રી વિદ્યાસાગર ઉ.બુ. આશ્રમશાળા,દાસા | ૦૨ |
| ૨૩ | પીપેરો વિભાગ યુવા શક્તિ પ્રગતિ મંડ્ળ,પીપેરો | શ્રી આદિવાસી આશ્રમશાળા,દુધામળી | ૦૨ |
| ૨૪ | પીપેરો વિભાગ યુવા શક્તિ પ્રગતિ મંડ્ળ,પીપેરો | શ્રી આદિવાસી આશ્રમશાળા,ડુંગરપુર | ૦૨ |
| ૨૫ | શ્રી સરસ્વતી કેળવણી મંડ્ળ,મોટીબાંડીબાર | આદિવાસી આશ્રમશાળા,મોટીબાંડીબાર | ૦૨ |
| ૨૬ | શ્રી વિવેકાનંદ ખાદી ગ્રામ ઉદ્યોગ સંઘ | ખેમરાજીયા | ૦૨ |
| ૨૭ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા. | આશ્રમશાળા ટુંડીયા ચાર રસ્તા | ૦૨ |
| ૨૮ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા. | આશ્રમશાળા વાઘડાચા, | ૦૨ |
| ૨૯ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા. | આશ્રમશાળા કુંવારસી, | ૦૨ |

**શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૫-૨૬ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ તા.૦૧/૦૪/૨૦૨૫ પછી નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૪) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીની રહેશે.

(૧૫) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૬) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૭) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ આ વિભાગને દરખાસ્ત રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૮) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૯) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૦) ગુજરાત સરકારના નિયમ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ વૉક-ઇન-ઇન્ટરવ્યુ(સાક્ષાત્કાર કસોટી) દ્વારા ભરી શકાશે નહીં.

(૨૧) રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨૨) શિક્ષણ વિભાગની નીતિ પ્રમાણે માધ્યમિક શાળાની માધ્યમિક શિક્ષણ બોર્ડની મંજૂરી મેળવી ધોરણ-૧૨ નો વર્ગ શરૂ કરવાનો રહેશે.

(૨૩) વર્ગદીઠ છાત્રોની સંખ્યા ૪૦ની રહેશે.

(૨૪) શાળાએ જરૂરી પ્રમાણપત્રો, આંકડાકીય માહિતી, રજીસ્ટરો તથા અન્ય રેકર્ડ અદ્યતન રીતે નિભાવવાના રહેશે. બાયોમેટ્રિક એટેન્ડન્સ સીસ્ટમ પ્રમાણે હાજરી નિભાવવાની રહેશે.

(૨૫) સંસ્થાએ વિદ્યાર્થીઓના નોર્મ્સ મુજબ તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે પૂરતું ક્ષેત્રફળ ધરાવતું મકાન, વર્ગખંડ માટેની જગ્યા, પીવાના પાણીની સુવિધા, પલંગ, પથારી-પાંગરણની સુવિધા, બાથરૂમ, ટોયલેટની સંપૂર્ણ સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ કરવાની રહેશે.

(૨૬) આદિજાતિ વિકાસ વિભાગે કે શિક્ષણ ખાતાએ વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

Signature Not Verified
Signed by:Kishor Dharaiya
Under Secretary
Date: 2025.04.02 11:50:09 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

(૨૭) સંસ્થાએ આપવાની થતી ગ્રાન્ટનું પ્રમાણ સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન રહેશે.

(૨૮) ભરતીની માન્ય પ્રક્રિયા સિવાય સંસ્થાકીય રીતે નિમાયેલ તથા સામાન્ય રીતે નિમાયેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંકો નિયમિત થઇ શકશે નહી. આ બંને પ્રકારે નિમાયેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને સંસ્થાએ છૂટા કરવાના રહેશે.

(૨૯) સંસ્થા આશ્રમશાળાના સંચાલન અને વહીવટ માટે કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફથી જે સૂચનાઓ આપવામાં આવતી હોય તેનો ચુસ્તપણે પાલન કરતી હોવી જોઇએ.

(૩૦) સંસ્થા દ્વારા કન્યાઓની સુવિધા અને સુરક્ષા માટે પુરતી વ્યવસ્થા કરેલી હોવી જોઇએ.

(૩૧) ઉક્ત નવી બાબત અંગેનો ખર્ચ તા. ૦૧/૦૪/૨૦૨૫થી કરવાનો રહેશે.

ક્રમિક વિકાસથી મંજૂર થયેલ ધોરણ-૧૨ના ઉક્ત વર્ગ માટેની પ્રસ્તુત**રૂ.૬.૫૮/- કરોડની** નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ નીચેના પત્રકની વિગતોએ આગામી નાણાકીય વર્ષ-૨૦૨૫-૨૬ ની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

| **ક્રમ** | **માંગણી ક્રમાંક અને સદરની વિગત** | **મંજૂર થયેલ રકમ (કરોડમાં)** | **મંજૂર મહેકમની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | **બિન આદિજાતિ વિસ્તાર યોજના** માંગણી ક્રમાંકઃ ૯૩ મહેસૂલ,<br>મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદરઃ ૨૭૭ શિક્ષણ, ૦૯ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૦.૬૨ | ૦૬ |
| ૨ | **અનુસૂચિત જનજાતિ વિસ્તાર** માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસૂલ,<br>મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૧૦ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૫.૯૬ | ૫૮ |

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સરખાં ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી(આ.વિ)ના પરામર્શમાં અધિક મુખ્ય સચિવશ્રી(આ.વિ)ની તા.૨૭/૦૩/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(કિશોર ધારૈયા)**

ઉપ સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ:-**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ,બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
- સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Kishor Dharaiya
Under Secretary
Date: 2025.04.02 11:50:09 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign